# મધ્યાહન ભોજન યોજના, અમદાવાદ શહેરની ટુંકી વિગત

પ્રસ્તાવના

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૮-૩૯-૪૧-૪૩-૪૭ હેઠળ લોકોની મૂળભૂત જરૂરીયાતો પુરી કરવા રાજ્યને આદેશ અપાયો છે. મધ્યાહન ભોજન યોજના રાજ્ય સરકારની પુરસ્કૃત બાળ કલ્યાણની યોજના છે. જેનો મુખ્ય ધ્યેય બાળકોને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય તથા શાળામાં જવા તથા અભ્યાસ કરવા પરત્વે બાળકોની રૂચિ કેળવાય બાળકોની હાજર નિયમિત જળવાય તથા ડ્રોપ આઉટ રેશિયો ઓછો થાય બાળકોમાં બચપણથી જ ભાતૃભાવની ભાવના વિકસે તથા જાતિભેદ સબબની કટુતા દૂર થાય. બાળકોમાં સમુહ જીવનની ભાવના અને સમાનતાની ભાવના કેળવવાના શુભ આશયથી ગુજરાત રાજ્યમાં ૧૯મી નવેમ્બર – ૧૯૮૪થી પ્રાથમિક શાળાઓના બાળકોને મધ્યાહન ભોજન યોજના હેઠળ બપોરનું ભોજન (રાંધેલો ગરમ ખોરાક) આપવાની કામગીરી અમલમાં મુકેલ હતી. નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૨૮/૧૧/૨૦૦૧ના ચુકાદથી આ યોજનાને કરજીયાત બનાવવામાં આવેલ છે. અને જે તે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ ભોજન આપવાનું ઠરાવેલ છે. તેમજ તે અંતર્ગત તેમજ એન.પી.એન.એસ.પી.ઈ. – ૨૦૦૬ની ગાઈડલાઈન અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓના ધોરણ – ૧ થી ૫ ના બાળકોને ૫૦ ગ્રામ ઘઉં / ૫૦ ગ્રામ ચોખા, ૨૦ ગ્રામ કઠોળ, ૫ ગ્રામ તેલ અને ૫૦ ગ્રામ શાકભાજી – મરીમસાલાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાથી ૪૫૦ કેલરી અને ૧૨ ગ્રામ પ્રોટીન તેમજ ધોરણ ૬ થી ૭ ના બાળકોને ૭૫ ગ્રામ ઘઉં અને ૭૫ ગ્રામ ચોખા, ૨૦ ગ્રામ કઠોળ, ૫ ગ્રામ તેલ અને ૫૦ ગ્રામ શાકભાજી – મરીમસાલાના જથ્થાનો ઉપયોગ કરીને મેનુ મુજબનો ગરમ રાંધેલો ખોરાક બાળકોને ખવડાવવાથી ૭૦૦ કેલરી અને ૨૦ ગ્રામ પ્રોટીનની પોષણ મુલ્ય ધરાવતાં ગરમ રાંધેલો ખોરાક દરેક શાળાઓમાં પ્રત્યેક લાભાર્થીને આપવાનું નકકી થયેલ છે.

સને ૨૦૦૪ થી ભારત સરકારે એન.પી. – એન.એસ.પી.ઈ. – ૨૦૦૪ યોજનાને અમલી બનાવેલ છે. અને તે અંતર્ગત પણ મધ્યાહ્ન ભોજન યોજનાનો અમલ કરવો ફરજ્યાત બનેલ છે. આ પીટીશનના અનુસંધાને યોજનાના સુવ્યવસ્થિત અમલીકરણ માટે નામદાર સુપ્રિમ કોર્ટે બે કમિશ્નરશ્રીઓને નિયુકત કરેલ છે. જેઓ ધ્વારા સમયાંતરે જુદા-જુદા સુચનો કરવામાં આવે છે. માનનીય મુખ્ય સચિવશ્રી ધ્વારા સમગ્ર યોજનાની વારંવાર સમીક્ષાા કરવામાં આવે છે.

સ્ત્રીશક્તિ

મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રારંભથી લઈને માનદ્ વેતન મેળવતા સંચાલકો શાળામાં રસોઈની વ્યવસ્થા કરતા હતા. આ સંચાલકોને વાસણો, ઈન્ફ્રાસ્ટ્રકચર, બળતણ ખર્ચ વિગેરે સરકારશ્રી તરફથી પુરૂ પાડવામાં આવતુ હતું. હવે શિક્ષણ વિભાગના તા.૩/૫/૨૦૦૬ ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પૂર્વ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહ્ન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ૩ વર્ષ માટે સ્ત્રીશક્તિ સંસ્થાને સોંપવામાં આવેલ છે. જે બદલ તા.૧૧/૫/૨૦૦૬ ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતું. જેને વર્ષોવર્ષ રીન્યુ પણ કરવામાં આવેલ છે. સદર સંસ્થાનો કોન્ટ્રાકટ માહે મે-૨૦૦૯ માં પુરો થતા શિક્ષણ વિભાગના ઠરાવ નં.મભય/૧૩૨૦૦૫/૫૧૮/૨ તા.૫/૬/૨૦૦૯ ના પત્રથી વધુ ૧ વર્ષનો કોન્ટ્રાકટ મંજુર કરતાં તા.૮/૬/૨૦૦૯ ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. સદર સંસ્થાનું મેકેનાઈઝ્ડ કીચન ૧૯૧/૨, આંબાવાડી, રાણીપુર ચર્ચ પાસે, શાહવાડી, અમદાવાદ ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કુલબોર્ડ હસ્તકની ૪૦૧ શાળાઓમાં ભોજન પુરૂ પાડવાની કામગીરી કરે છે.

અક્ષયપાત્ર

શિક્ષણ વિભાગના તા.૧૧/૬/૨૦૦૭ ના ઠરાવથી અમદાવાદ શહેરના સાબરમતી નદીના પશ્ચિમ વિસ્તારની તમામ શાળાઓની મધ્યાહ્‌ન ભોજન યોજનાનું સંચાલન પાયલોટ પ્રોજેકટથી ૩ વર્ષ માટે અક્ષયપાત્ર ફાઉન્ડેશનને સોંપવામાં આવેલ છે. જે સને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષે ત્રીજા વર્ષ માટે રીન્યુ કરવામાં આવેલ છે. સદર સંસ્થાનું મેકેનાઈઝ્‌ડ રસોડું ડી/૧૫૨-૧૫૩, જી.આઈ.ડી.સી. સેકટર-૨૫, ગાંધીનગર ખાતે આવેલ છે. સદર સંસ્થા સ્કુલબોર્ડ હસ્તકની ૬૧ શાળાઓમાં ભોજન પુરૂ પાડવાની કામગીરી કરે છે.

આમ પૂર્વ અને પશ્ચિમ વિસ્તારની કુલ-૪૬૮ શાળાઓમાં ધોરણ-૧ થી ૫ ના સરેરાશ ૭૩,૮૭૩ અને ધોરણ-૬ થી ૭ ના સરેરાશ ૨૩,૩૦૬ કુલ મળી ૯૭,૧૭૯ બાળકોને આ બંને સંસ્થા ધ્વારા મધ્યાહ્‌ન ભોજન પુરૂ પાડવામાં આવે છે. બંને સંસ્થાઓ વાસણો, ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્ટાફ, બળતણ વિગેરેનો ખર્ચ પોતે કરે છે. બંને સંસ્થાઓ તેમના વાહનોમાં રાંધેલો તૈયાર ખોરાક દરેક શાળાઓમાં પહોંચાડે છે.

બંને સંસ્થાઓનું ચુકવણું

બંને સંસ્થાને પ્રતિદિન, પ્રતિ લાભાર્થીદીઠ રૂા.૨/- લેખે સરકારશ્રી તરફથી નિભાવ ખર્ચ પેટે ચુકવણું કરવામાં આવે છે. તથા ધોરણ-૧ થી ૫ ના પ્રતિદિન પ્રતિ લાભાર્થીદીઠ ૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા અને ધોરણ-૬ થી ૭ ના પ્રતિદિન પ્રતિ લાભર્થીદીઠ ૭૫ ગ્રામ ઘઉં અને ૭૫ ગ્રામ ચોખા પણ આપવામાં આવે છે.

હિસાબી કામગીરી

અત્રેની કચેરીને કમિશ્નરશ્રી મધ્યાહ્ન ભોજન યોજના, ગાંધીનગર ધ્વારા ગ્રાન્ટની ફાળવણી બજેટ સદર ૨૨૩૬ - પોષક આહાર હેઠળ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. સને ૨૦૦૮ – ૨૦૦૯ માં અત્રેની કચેરીને રૂા.૪ કરોડ ૭૬ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.

અત્રેની કચેરીના નાયબ કલેકટરશ્રીને રૂા.૫,૦૦૦/- સુધીના ખર્ચ કરવાની સત્તા છે. રૂા.૫,૦૦૦/- ઉપરના ખર્ચનું ચુકવણું નાયબ કલેકટર તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરની સંયુકત સહીથી કરવામાં આવે છે.